

યોગ એટલે આત્મા અને પરમાત્માનું અનુસંધાન કરવાની પ્રક્રિયા. યોગ દ્વારા શારીરિક અને બૌદ્ધિક સ્ફૂર્તિમાં વૃદ્ધિ થાય છે. સેક્ટર-૨૩માં ગાંડાભાઈ પટેલ દ્વારા આયોજિત યોગના તાલીમ વર્ગમાં મોટી સંખ્યામાં નાગરીકો જોડાય હતા. (તસવીર : દિપક જાની)

# સેક્ટર-૭ પોસ્ટ ઓફિસમાં બિલો ભરવામાં સીનીયર સીટીઝનને પડતી પારાવાર હાલાકી પ્રત્યે આંખ મિચામણા

## પોસ્ટ ઓફિસ સુપ્રિટેન્ડન્ટ દ્વારા જાહેર બાંધકામ વિભાગ પર દોષનો ટોપલો ઢોળી હાથ ઉંચા કરી દેવાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી પોસ્ટ ૦ફિસમાં સિનિયર સીટિઝનોને પોસ્ટ ઓફિસના અસગવડભર્યા મકાનને કારણે ઘણા સમયથી પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા લોક દરબારમાં રજૂઆતો કરવામાં આવી ત્યારે પોસ્ટ ઓફિસ સુપ્રિટેન્ડન્ટ દ્વારા જાહેર બાંધકામ વિભાગમાં અનેક રજૂઆતો કરવા છતાં સારા મકાનની સુવિધા ફાળવવામાં આવતી નથી તેવો જવાબ આપવામાં આવ્યો હતો. આ જવાબના સંદર્ભે પરિષદ દ્વારા તેમના પ્રયાસોની નકલો માંગવામાં આવેલી જે માંગણીનો સુપ્રિટેન્ડન્ટ દ્વારા સ્વીકાર કરાયો હતો.

પરંતુ મહિનાઓ વિતવા છતાં આ નકલો હજુ સુધી પરિષદને આપવામાં આવી નથી અને વડીલોને પડતી પારાવાર મુશ્કેલીઓ યથાવત રહેલ છે. આમ પોસ્ટ ઓફિસ સત્તાવાળા તરફથી વડીલોને પડી રહેલી મુશ્કેલીઓનો દોષ જાહેર બાંધકામ અને માર્ગ મકાન વિભાગ પર ઢોળી આમ જનતાની વાજબી રજુઆતો સામે જનહિત વિરોધી અભિગમ અજમાવાઈ રહ્યા હોવાનો પરિષદે આક્ષેપ કર્યો છે. અને સત્વરે આ બાબતે ઘટતુ કરવા તાકીદ કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો, તો સફળતા જરૂરથી મળશે. સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પ્રત્યે ખાસ ધ્યાન આપવું પડશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : નિર્ણયો ખાનગી રાકવા જરૂરી છે. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : અટકેલા કામ પૂરા થવાની સંભાવના છે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : માન-સન્માનમાં વૃદ્ધિ થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : અધ્યયનમાં મન પરોવાશે. સંપત્તિની ખરીદી થઈ શકેછે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : પ્રયત્ન કરવા પર કાર્યોમાં સફળતા મળશે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : બિનજરૂરી કર્યોથી દૂર રહેવું. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. ભીખાભાઈ બેચરભાઈ સોલંકી(ઉ.વ. ૯૦) મુ.પો. અંબાપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચૂનાભાઈ અવસરભાઈ દંતાણી(ઉ.વ. ૭૦) પ્રેસના છાપરાં, સેક્ટર-૨૮, ગાંધીનગર.

# સેક્ટર-૩ સાંઈબાબા મંદિર ખાતે આવતી કાલે / આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર,તા.૨

આદ્યશક્તિ માં બહુચરના ''આનંદના ગરબા''નો પાટોત્સવ માગશર સુદ-૨, બુધવાર તા. ૪-૧૨-૨૦૧૩ના રોજ યોજાનાર છે. બહુચર મંડળ ગાંધીનગર દ્વારા આનંદના ગરબાનું આયોજન બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ કલાક સુધી સાંઈ મંદિર સેક્ટર-૩/ડી ગાંધીનગર ખાત કરવામાં આવેલ છે.

જેમાં યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં સૌપ્રથમ માતાજીની શોભાયાત્રા પાઠ્યપુસ્તક મંડળ કોલોની સેક્ટર-૨૪ના બ્લોક નં.૪૫૭ ખાતેથી નિકળશે. તેનું સ્વાગત ગ-૨ ચોકડી ખાતે કરવામાં આવશે. ત્યારબાદ આ યાત્રા સાંઈબાબા મંદિર સેક્ટર-૩/ડી ખાતે પહોંચશે. શ્રી બહુચર મંડળ તથા શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સર્વે ભાવિક ભક્તોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શહેર પેન્શનર્સ સમાજ નવું વર્ષ કુદરતના સાનિધ્યમાં ઉજવશે

શહેર પેન્શનર્સ સમાજ નવા વર્ષની ઉજવણી કુદરતના સાનિધ્યમાં અને રમણીય વાતાવરણમાં આનંદ પ્રમોદ કરી ઉજવશે. તેમજ પેન્શનર્સ સમાજની નવેમ્બર માસની મિટીંગ યોજાઈ ગઈ. જેમાં સમાજના સભ્ય સોમાભાઈ પટેલ અને મનહરભાઈ શુકલના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ આપવામાં આવી હતી અને સભ્ય રમેશભાઈ સુથારનું નિધન થવાથી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# ગર્ભવતી ગાયનું અકસ્માતમાં મોત

ગાંધીનગર, તા.૨

કોબા-ઈન્દીરા બ્રિજ માર્ગ પર અપોલો હોસ્પિટલ પાસે પુરપાટ ઝડપે દોડી આવતી એક કારે માર્ગ ઓળંગી રહેલ ગાયને જોરદાર ટકકર મારી હતી જેથી ગાય માર્ગમાંથી ઉછળી આશરે ૧૦-૧૫ ફૂટ દૂર ફેંકાઈ ગઈ હતી. ગંભીર રીતે ગાયના બે પગ સાવ ભાંગી ગયા હતા જે બાદ તેનું અને તેના ગર્ભમાં રહેલા બચ્ચાનું પણ મોત થવા પામ્યું હતું.

ગાંધીનગરથી ઈન્દિરા બ્રિજ માર્ગની આસપાસની જગ્યા વન્ય વિસ્તાર હોવાથી પશુ-પક્ષીઓ ખૂબ જ પ્રમાણમાં છે અને આસપાસના વિસ્તારમાં ભ્રમણ કરે છે ત્યારે ટ્રાફિકના નિયમોનું યોગ્ય પાલન થતું ન હોવાથી અકસ્માત પણ થવા પામે છે ત્યારે ગઈ કાલે કોબા-ઈન્દિરા બ્રિજ માર્ગ પર કરુણ અકસ્માતનો આવો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં એક ગાડીએ ગાયને ટકકર મારતા બે પશુઓના રિબાઈને મોત થયા છે.

આ ઘટનાની વિગત એવી છે કે કોબા ઈન્દીરા બ્રિજ પર અપોલો



હોસ્પિટલની પાસે અમદાવાદ ઈન્દિરા બ્રિજ તરફથી પુરપાટ ઝડપે એક સ્વીફટ કાર દોડી આવતી હતી. બરોબાર આજ સમયે માર્ગની નજીક એક ગાય પણ પસાર થઈ રહી હતી. સ્ફીટ કારના ચાલકે ગાયને જોરદાર ટકકર મારતા ગાય માર્ગમાંથી ફંગોળાઈને આશરે ૧૦થી ૧૫ ફૂટ દૂર સુધી ફેંકાઈ હતી જેથી તેના આગળના બે પગ સંપૂર્ણપણે ભાંગી ગયા હતા અને શરીરે ગંભીર ઈજાઓ પણ થવા પામી હતી જયારે કાર અને કારના ચાલકને પણ આ અકસ્માતમાં નુકશાન થયું હતું પરંતુ દુઃખદ બાબત એ છે કે ઘાયલ થયેલી ગાય ગર્ભવતી હતી અને ગાયને અકસ્માતના છ-છ કલાક સુધી અનેક પ્રયત્નો છતાં કોઈ તાત્કાલિક સારવાર કે સારવાર માટેનું વાહન ન મળતા ગાય રિબાઈ રિબાઈને મોતને ભેટી હતી. જેમાં તેના ગર્ભમાં રહેલા બચ્ચાનું પણ રિબાઈને ગર્ભમાં જ મોત થવા પામ્યું હતું. આ બનાવ અંગે નગરની અનેક સામાજીક સંસ્થાઓ તેમજ પશુ પ્રેમીઓએ દુઃખની સાથે રોષની લાગણી પણ વ્યકત કરી છે. અને અવાર નવાર બનતા આવા અકસ્માતમાં ઘાયલ થતા પશુઓને સારવાર માટે તેમજ મૃત પશુઓને તાત્કાલિક લઈ જવા વાહનની યોગ્ય વ્યવસ્થા ગોઠવી આપવા પશુ પ્રેમીઓમાં માંગ ઉઠવા પામી છે.

# પેથાપુરમાં પુત્રવધૂ પર સસરાનો બળાત્કાર

## હેવાન સસરાએ સતત ૩ માસ સુધી પીડિતા પર અધમકૃત્ય કર્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક પેથાપુર ગામે ૨૧ વર્ષીય નવ પરિણિત પુત્રવધૂ પર છેલ્લા ત્રણ માસથી બળાત્કાર ગુજારનાર નરાધમ સસરા વિરૂદ્ધ પુત્રવધૂએ બળાત્કારની ફરિયાદ આપતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ બળાત્કાર અંગે પેથાપુર પોલીસમથકે ગુનો નોંધી હેવાન સસરાની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક પેથાપુર ગામે એક પરિવારના એક યુવાનના લગ્ન થોડા સમય અગાઉ રાજસ્થાન ખાતેના એક પરિવારની ૨૧ વર્ષીય દિકરી સાથે થયા હતા. ૨૧ વર્ષીય પુત્રવધૂ તેના સાસરીમાં જ રહેતી હતી. દરમિયાન પોતાની દિકરી જેવી પુત્રવધૂ પર ખરાબ દાનત રાખી તેણીની એકલતા અને મજબુરીનો ફાયદો ઉઠાવી સતત ૩ માસ સુધી નરાધમ સસરો બળાત્કાર ગુજરાતો રહ્યો હતો. પીડિતાએ બધુ સહન કરતા કરતા આખરે થોડા સમય પહેલા પોતાના પિયર જતી રહી હતી અને આ બાબતે નરાધમ સસરાની હકીકત તેના પરિવારજનોને કહેતા પરિવારજનોની હાજરીમાં પીડિતાએ રાજસ્થાન પોલીસમાં ફરિયાદ નોંધાવતા રાજસ્થાન પોલીસે ફરિયાદ લઈ તેને '૦' નંબરથી ગાંધીનગર નજીક પેથાપુર પોલીસમથકમાં મોકલી આપી હતી. જ્યાં પેથાપુર પોલીસે પીડિતાની ફરિયાદ લઈ નરાધમ સસરા વિરૂદ્ધ બળાત્કારનો ગુનો નોંધી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધીનગર એલ.સી.બી. પોલીસે બે વાહન ચોર ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના ૨૧ શોપીંગ સેન્ટર નજીકથી ગત ૨૫મી નવેમ્બરના રોજ સાંજે કેટલાક શખ્સો પજેરો કારની ચોરી કરી લઈ ગયા હતા. જે મામલે કારના માલિકે સે. ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. બાદમાં બે દિવસ પછી ચોરીની પજેરો કાર લીંબડી નજીક બિનવારસી હાલતમાં મળી આવી હતી. કાર ચોરી કરનાર શખ્સોની પોલીસે શોધખોળ કરતા ગાંધીનગર એલ.સી.બી. પોલીસની ટીમે રાજકોટના કુવાવાડા ખાતેથી બન્ને શખ્સોની ધરપકડ કરી તેમને ગાંધીનગર લાવી પુછપરછ હાથ ધરી તેમને સે. ૨૧ પોલીસમથકમાં સોંપી દીધા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના સેક્ટર-૨૦માં રહેતા દિનેશ કાનમલ પુરોહિતે પોતાની માલિકીની પજેરો કાર નં. જીજે-૫-સી-જે-૬૯૨૪ વેચવા કાઢી હતી. દરમિયાન ગત ૨૫ નવેમ્બરના રોજ સવારના સમયે કારમાલિકના ઘરે પજેરો કાર જોવા માટે કેટલાક શખ્સો આવ્યા હતા. અને ટેસ્ટ ડ્રાઈવ લઈ કાર પાછી મુકી જતા રહ્યા હતા. દરમિયાન એ જ દિવસ સાંજના સુમારે પજેરો કારના માલિક પોતાની પજેરો કાર લઈ સેક્ટર-૨૧માં શોપિંગમાં મુકીને ગયા હતા. બાદમાં ત્યાંથી તેમની પજેરો કાર ચોરાઈ ગઈ હતી. આ ચોરી અંગે કારના માલિકે સે. ૨૧ પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસ ફરિયાદ લઈ કારની શોધખોળ હાથ ધરી હતી. બે દિવસ બાદ ગાંધીનરથી ચોરાયેલી પજેરો કાર ગાંધીનગર પોલીસને લીંબડી હાઈ-વે પરથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. પોલીસકાર કબજે લઈ તેના ચોરીના આરોપીઓની વધુ શોધખોળ હાથ ધરી હતી. જેમાં આ ચોરી સંદર્ભે ગાંધીનગર એલ.સી.બી. પોલીસને આ કારની ચોરીના આરોપીઓ રાજકોટ જિલ્લા કુવાવાડા હોવાની બાતમી મળી હતી જેથી એલ.સી.બી.ની ટીમના પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ, કરણસિંહ, કિરણસિંહ વગેરે બાતમી સ્થળે તપાસ કરતા કાર ચોરીમાં સંકળાયેલા જયરાજભાઈ જગુભાઈ ધાંધલ તેમજ તેના મિત્ર લાલજીભાઈ નાજાભાઈ કિહલાની ધરપકડ કરી કુવાવાડા પોલીસ મથકમાં લાવી પુછપરછ કરતા બન્નેએ કાર ચોરીની કબુલાત કરી હતી. બન્ને આરોપીઓની વધુ પુછપરછ માટે એલ.સી.બી. પોલીસે બન્નેને ગાંધીનગર લઈ આવી હતી અને સઘન પુછપરછ કરતા ચોરી અંગેની સમગ્ર હકીકત કહી ચોરીની કબુલાત એલ.સી.બી. પોલીસે ચોરીના ગુનામાં વપરાયેલ હોન્ડા સીટી એવીટેક કાર નં. જીજે-૧૩-સી.સી-૩૭૩૭ કિ. રૂ. ૬,૦૦,૦૦૦ તેમજ એક નોકીયા કંપનીનો મોબાઈલ મળી કુલ રૂ. ૬,૦૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બન્ને આરોપીઓને સેક્ટર-૨૧ પોલીસ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર ઉવારસદના ૨૩ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨

સોસાયટી ઓફ ફિઝીકલ હેન્ડીક્રેફ્ટ અમદાવાદના ઉપક્રમે ગાંધીનગર જિલ્લાનો શારીરિક ક્ષતિ ધરાવતા બાળકોનો ખેલ મહાકુંભ-૧૩ તા. ૧ ડિસેમ્બર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા ખાતે યોજાઈ ગયો. જેમાં ઉવારસદના બાળકો ઝળક્યા હતા.

ખેલ મહાકુંભમાં જિલ્લાની અનેક શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. ત્યારે હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર પુનર્વાસ કેન્દ્રના વિદ્યાર્થીઓ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવો કર્યા હતા. ૧૨૭ બાળકો પૈકી ૫૪ વિદ્યાર્થીઓ વિજયી બન્યા હતા. જેમાં ૨૩ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ યોજાનાર ખેલમહાકુંભ-૧૩માં ભાગ લેશે.

ખેલ મહાકુંભ દરમ્યાન વિકલાંગ વિદ્યાર્થીઓએ સંસ્થાનું નામ રોશન કર્યું છે ત્યારે શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સત્તર વર્ષ બાદ સાબરમતી નદીમાં પાણી વહેવા લાગતા નદીની ખેતી જીવંત બની

## સાબરમતી નદીમાં પાણી વહેતું રહે તે માટે એક એનઆરઆઈએ આદરેલી જંગના સુખદ ફળો નદી કિનારે ખેતી કરતા ખેડૂતો ચાખી રહ્યા છે...

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીકથી પસાર થતી સાબરમતી નદીમાં ચોમાસા બાદ પણ પાણી વહે તે ખુબ નવાઈની વાત છે. નદી પેઢીએ પાણીથી નહી પરંતુ રેતીથી ભરેલી સાબરમતી નદીને જ જોઈ છે ત્યારે ચોમાસા બાદ પણ નદીમાં પાણી વહે તે ટાઢાં પોરના ગપ્પા જ લાગે ને... પરંતુ આ ગપ્પા નરી સત્ય હકીકત છે. હાલમાં ધરોઈથી છેક સાદરા સુધી સાબરમતી નદીમાં પાણી વહી રહ્યું છે. જેના કારણે મૃતઃ પ્રાયઃ બનેલી નદીની ખેતી ફરી એકવાર જીવંત બની છે. આ બધું શકય બન્યું છે એક એનઆરઆઈ પ્રયત્નોથી...

વર્ષો અગાઉ સાબરમતી નદીનું પાણી અમદાવાદ શહેરને પીવા માટે પુરું પાડવામાં આવતું. આ માટે સમયાંતરે ધરોઈ ડેમમાંથી નદીમાં પાણી છોડી છેક અમદાવાદ સુધી પહોંચાડવામાં આવતું. જેના કારણે ગાંધીનગરના પાદરેથી પસાર થતી સાબરમતી નદીમાં વહેતું પાણી જોવા મળતું પરંતુ ૧૭ વર્ષ અગાઉ અમદાવાદને નદીનું પાણી કેટલીક મુશ્કેલીઓના કારણે આપવાનું બંધ કરાયું. નર્મદા કેનાલ બનતા અમદાવાદ શહેરની પીવાની પાણીની સમસ્યા દૂર થઈ ગઈ અને કરાઈથી અમદાવાદ સુધી નદીના પટમાં નર્મદા કેનાલનું પાણી વહેવા લાગ્યું પરંતુ ધરોઈથી ગાંધીનગર સુધીના પટ્ટામાં પાણી બંધ કરી દેવાતા નદી એકદમ સુકી ભઠ્ઠ થઈ ગઈ. અગાઉ જયારે નદીમાં પાણી વહેતું ત્યારે નદી કિનારે વસતા રાવળ, દેવીપુજક, ઠાકોર જેવી જ્ઞાતિના જમીન વિહોણા નાના ખેડૂતો નદીના પટ્ટમાં નદીની ખેતી કરતા. નદીની ખેતીના કરણે આપણા સુધી સ્વાદીષ્ટ ટેટી, તડબુચ, શાકભાજી પહોંચતા. જેનો સ્વાદ ખુબ અલગ જ રહેતો. નદીમાં પાણી બંધ થતા નદીની ખેતી પણ બંધ થઈ ગઈ અને તેના પર નભતા પરિવારોએ અન્ય વ્યવસાય અપનાવી આર્થિક સંકડામણમાં જીવન ગુજારો કરવા લાગ્યા. આ નાના ખેડૂતોના વહારે આવ્યા એક એનઆરઆઈ. ખેડૂતોના હીત માટે જીવન સમર્પિત કરી દેનારા આ એનઆરઆઈએ કેટલીક સંસ્થાઓની મદદથી એપ્રિલ ૨૦૧૧માં એક પીઆઈએલ કરી ધરોઈ જળાશયમાંથી નદીમાં પાણી વહેવડાવાની માંગણી કરી. આ માંગણી ધ્યાને લઈ સરકારે છેલ્લા બે વર્ષથી નદીમાં પાણી વહેવડાવવાનું શરુ કર્યું છે. ડેમથી છેક પેઢામલી, આગલોડ સુધી પાણી આવતા એક ખેડૂતે તો નદીમાં બે કરોડની કિંમતની કાકડી ઉગાડી છેક જમ્મુ સુધી પહોંચાડી... કેટલીક મુશ્કેલીઓ તે પછી પણ આવી પરંતુ આ એનઆરઆઈએ કોર્ટ અને સરકારમાં સતત રજુઆતો કરતા હવે છેક સાદરા સુધી નદીમાં પાણી આપવાનું શરુ કર્યું છે. નદી કિનારાના હજારો ખેડૂતોને તેમની રોજી રોટી પરત મળી છે....

# ગાંધીનગર ખાતે રન ફોર યુનિટીના આયોજન અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ યોજાનાર રન ફોર યુનિટીના કાર્યક્રમ અંતર્ગત આજરોજ ગાંધીનગર ટાઉન હોલ ખાતે ગાંધીનગર શહેર તથા ગાંધીનગર અને દહેગામ તાલુકા કક્ષાની બેઠક જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં પદાધિકારીઓ, સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે બેઠકના -રંભે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્ય, તેના વિવિધ તબક્કામાં કરાનાર કામગીરી વગેરેની વિગતે માહિતી આપી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યની સાથે -થમ તબક્કે મોબિલાઈઝેશન એકટિવીટીના ભાગરૂપે રન ફોર યુનિટીના કાર્યક્રમનું આયોજન કરાયું છે. તે પછી લોખંડ-ઓજાર એકત્રિકરણ, ગામેગામથી સોઈલ કલેકશન, વકતૃત્વ - નિબંધ સ્પર્ધાનું આયોજન, ભારતના તમામ ગામોના સરપંચશ્રીઓનો ફોટો અને સહી, ગુડ ગવર્નમેન્ટ પીટીશન, વગેરે જેવા જનભાગીદારી- જન જાગૃતિના -ોત્સાહક કાર્યક્રમો યોજાનાર છે.

૧૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ યોજાનાર રન ફોર યુનિટી કાર્યક્રમમાં ગાંધીનગર શહેર, નજીકના ગામો અને પેથાપુર નગરપાલિકા વિસ્તારના મળી ૨૦ હજાર લોકો, કલોલ શહેર, નગરપાલિકા વિસ્તાર અને તાલુકાના ગામો મળી ૨૦ હજાર લોકો તથા માણસા અને દહેગામ નગરપાલિકા વિસ્તાર - તાલુકાના મળી ૧૦ હજાર એમ કુલ- ૫૦ હજાર લોકો આ કાર્યક્રમમાં જોડાનાર છે.

ગાંધીનગર મહા નગરપાલિકાના કમિશનર શ્રી એલ.પી.પાડલિયાએ દેશ અને રાજય માટેના ગૌરવ રૂપ, એકતા- અખંડિતતાના સંદેશ સાથેના આ કાર્યક્રમમાં નગરજનો જોડાવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના -રંભે ગાંધીનગર -ાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સી.ડી બતાવી હતી.આભારવિધિ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈએ કરી હતી. આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકા, પેથાપુર નગરપાલિકા, દહેગામ નગરપાલિકા, ગાંધીનગર અને દહેગામ તાલુકા કક્ષાની સમાજિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં